મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી

૦૫-૦૨-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૦૪
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગણીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### ગુજરાતમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની સમિતિની રચના

# યુનિફોર્મ સિવિલ કોડના કાયદામાં આદિવાસી સમાજની સંપૂર્ણ ચિંતા કરીને તેમના નીતિ-નિયમો, રીતિ-રિવાજો અને કાનૂનોનું સંરક્ષણ કરવામાં આવશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ નાગરિકોને સમાન હક માટે સમાન નાગરિક ધારો-યુનિફોર્મ સિવિલ કોડનો દેશવ્યાપી અમલ કરવાનો નિર્ણય કરેલો છે.

તદઅનુસાર, ગુજરાત રાજ્યમાં વસતા બધા જ નાગરિકોને પણ સમાન હક અને અધિકાર મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા પાંચ સભ્યોની સમિતિની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈના અધ્યક્ષસ્થાને આ સમિતિની રચના કરાશે. તેના અન્ય સભ્યો તરીકે



નિવૃત્ત વરિષ્ઠ આઈ.એ.એસ. શ્રી સી.એલ. મીના, એડવોકેટ શ્રી આર. સી. કોડેકર તેમજ ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર શ્રી દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર સુશ્રી ગીતાબહેન શ્રોફનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ નિર્ણયની ભૂમિકા આપી હતી.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પદચિન્હો પર ચાલતા ગુજરાતે રાજ્યમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટે મુસદ્દો તૈયાર કરવા આ સમિતિની રચના કરી છે. આ સમિતિ પોતાનો અહેવાલ ૪૫ દિવસમાં રાજ્ય સરકારને સોંપશે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ અહેવાલના અભ્યાસના આધારે રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય કરશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની સરકાર 'જે કહેવું તે કરવું'ના કાર્ય મંત્રને અનુસરે છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ૩૭૦ કલમ નાબૂદી, વન નેશન વન ઈલેક્શન, નારીશક્તિ વંદના અધિનિયમ અને ત્રિપલ તલાક કાનૂન વગેરે માટેના જે વચનો ચૂંટણી ઢંઢેરામાં આપ્યા હતા તે વચનો એક પછી એક પૂર્ણ થઈ રહ્યાં છે.

શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, એ જ દિશામાં આગળ વધતાં વડાપ્રધાનશ્રી સમાન નાગરિક ધારાના અમલ માટે સંકલ્પબદ્ધ છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના સંકલ્પોને સાકાર કરવા માટે હંમેશા પ્રતિબદ્ધ રહ્યું છે.

આ હેતુસર, રાજ્ય સરકારે યુ.સી.સી.ની આવશ્યકતા ચકાસવા, કાયદા માટે મુસદ્દો તૈયાર કરવા સમિતિની રચના કરી છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ યુનિફોર્મ સિવિલ કોડના



કાયદામાં આદિવાસી સમાજની સંપૂર્ણ ચિંતા કરીને તેમના નીતિ-નિયમો, રિવાજો, કાનૂનોનું સંરક્ષણ કરવામાં આવશે અને તેનાથી કોઈપણ પ્રકારે આદિવાસી સમાજના કોઈ રિતી-રિવાજો, કાનુનો કે અધિકારોને અસર નહિ થાય તેવી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની વાતનો પુનરોચ્ચાર કર્યો હતો.

શ્રી હર્ષ સંઘવીએ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર સમાન નાગરિક ધારાના અમલની નેમ સાથે આગળ વધશે તેમ જણાવ્યું હતું.

ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અને મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, કાયદા સચિવ શ્રી રાવલ, સંસદીય બાબતોના સચિવ શ્રી ગોઠી , વૈધાનિક બાબતો ના સચિવશ્રી કમલેશ લાલા વગેરે પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વ. કરશનભાઈ સોલંકીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવતા મુખ્યમંત્રી

# કડી ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું અવસાન થતાં તેમના અંતિમ દર્શનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહભાગી થયા







(ગરવી તાકાત) કડી તા.૪

આજરોજ કડી ધારાસભ્યશ્રી કરસનભાઈ સોલંકીનું માંદગીના કારણે વહેલી સવારે અવસાન થયું હતું. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે કડી ખાતે ધારાસભ્યશ્રીના નિવાસસ્થાને સ્વ.કરસનભાઈ સોલંકીના અંતિમ દર્શન કર્યા હતા અને સદગતને પુષ્પો વડે શ્રદ્ધાંજલિ અર્પણ કરી શોકસંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. તેમણે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી દિવંગત આત્માની ચિરઃ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્વ. કરશનભાઈ સોલંકીનું સાદગીપૂર્ણ જીવન લોકોને હંમેશા યાદ રહેશે.

આ સમયે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, કેબિનેટ મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, પૂર્વ ગૃહ મંત્રીશ્રી રજનીભાઈ પટેલ અગ્રણીશ્રી ગીરીશભાઈ રાજગોર સહિત મહાનુભાવો, સ્નેહી-પરિજનો, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

### પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે કોંગ્રેસની સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની ખાતરી

# બાસણા મરચન્ટ કોલેજની વિદ્યાર્થીનીના આપઘાત કેસની તપાસ ડીઆઈજી નિર્લિપ્ત રાયને સોંપવા કોંગ્રેસની માંગ

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણા જિલ્લાના બાસણા ખાતેની મર્ચન્ટ કોલેજમાં હોમિયોપેથીનો અભ્યાસ કરતી ૧૯ વર્ષીય ઉર્વશીબેન શ્રીમાળીના આપઘાત પ્રકરણે નવો વળાંક લીધો છે. જિલ્લા કોંગ્રેસ સંગઠને કલેક્ટરને આવેદનપત્ર આપી સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલના DIG નિર્લિપ્ત રાયને સોંપવાની માંગણી કરી છે.કોલેજના પ્રિન્સિપાલ અને ચાર પ્રોફેસરોના કથિત ત્રાસથી હોસ્ટેલના રૂમમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવનાર વિદ્યાર્થિનીના કેસમાં સ્થાનિક પોલીસ પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, પોલીસે પકડાયેલા આરોપીઓના રિમાન્ડ માગ્યા વિના જ સમગ્ર પ્રકરણને ભીનું સંકેલવાનો



પ્રયાસ કર્યો છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હસમુખ ચૌધરી સહિતના આગેવાનોએ વિદ્યાર્થિનીએ લખેલી સુસાઈડ નોટના આધારે તપાસની માંગણી કરી છે. તેમણે અમરેલીની એક યુવતીના કેસમાં DIG નિર્લિપ્ત રાયે કરેલી સફળ તપાસનો દાખલો આપ્યો છે. નિવાસી નાયબ કલેક્ટર જે.કે. જેગડાને આપવામાં આવેલા આવેદનમાં યોગ્ય તપાસ ન થાય તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આ ઘટનાએ સમગ્ર મહેસાણા જિલ્લામાં ચકચાર જગાવી છે અને પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે કોંગ્રેસે સરકાર સુધી રજૂઆત પહોંચાડવાની ખાતરી આપી છે.

### યોજના સબંધે મોનીટરીંગ બાદ સરકારને સૂચન પણ કરવામાં આવશે

# મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની મહિલા અને બાળ વિકાસ વિભાગની સ્ટેટ મોનીટરીંગ સમિતિમાં વરણી

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

રાજ્ય સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજનાની કામગીરી અને આ યોજના અંતર્ગત થતી કામગીરીનું યોગ્ય અમલીકરણ અને સમીક્ષા માટે વિવિધ સ્તરે સમિતિઓની રચના કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજનાનું યોગ્ય રીતે અમલીકરણ અને આ યોજનાનો હેતુ પરિપૂર્ણ થાય તે માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સ્ટેટ મોનીટરીંગ અને સુપરવિઝન સમિતિની રચના કરવામાં આવી છે.આ સમિતિમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલને સ્થાન આપવામાં આવ્યું છે.ગુજરાત સરકારના સંયુક્ત સચિવ મહિલા અને બાળ



વિકાસ વિભાગ દ્વારા બનેલી આ સમિતિમાં મહેસાણા સાંસદ હરિભાઈ પટેલની સાથે સાથે અમદાવાદ સાંસદ દિનેશભાઈ મકવાણા,સાબરકાંઠા સાંસદ શોભનાબેન બારૈયા ,છોટા ઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા તેમજ રાજ્યસભાના સાંસદ રમીલાબેન બારાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે.બાળકોમાં કુપોષણ દૂર કરવાથી માંડીને તેમના આરોગ્ય સંબંધી અનેક વિધ યોજના કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે.આ યોજનાઓનું યોગ્ય મોનિટરીગ થાય અને તેનું રાજ્ય સ્તરે સુપરવિઝન થઈ શકે તે માટે ૫ સાંસદની સ્ટેટ મોનીટરીંગ અને સુપરવિઝન સમિતિની રચના કરવામાં આવી છે.આ સમિતિ દ્વારા રાજ્ય સ્તરે તમામ જિલ્લાઓમાં સંકલિત બાળ વિકાસ યોજનાનો લાભ લાભાર્થી સુધી યોગ્ય રીતે પહોચે અને વધુમાં વધુમાં લાભાર્થીને મદદરૂપ થઈ શકાય તે દિશામાં કામ કરશે.આ સમિતિ દ્વારા યોજના સબંધે મોનીટરીંગ બાદ સરકારને સૂચન પણ કરવામાં આવશે.

### આ રોડ ઉપર ધાર્મિક સ્થળો આવેલા છે જ્યાં લાખો શ્રદ્ધાળુઓ અવરજવર કર છે

# ઊંઝા-ઐઠોર રોડની બિસ્માર હાલત અંગે ડૉ. મેઘા પટેલની કલેક્ટરને રજૂઆત



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મહેસાણા જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ ડૉ. મેઘા પટેલે ઊંઝા-ઐઠોર રોડની બિસ્માર હાલત અંગે મહેસાણા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે.

આ માર્ગ પર માં ઉમિયાનું મંદિર, શ્રી ગણપતિ મંદિર અને શ્રી વાળીનાથ મંદિર જેવા મહત્વપૂર્ણ ધાર્મિક સ્થળો આવેલા છે, જ્યાં દરરોજ લાખો શ્રદ્ધાળુઓની અવરજવર રહે છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, આ મહત્વપૂર્ણ માર્ગની સડક વ્યવસ્થા અત્યંત ખરાબ સ્થિતિમાં છે, જે લોકોના નિત્ય જીવનમાં મુશ્કેલીઓ સર્જી રહી છે. છેલ્લા કેટલાક સમયથી રોડની મરામત માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ડૉ. પટેલે માર્ગના લેવલિંગનો પ્રશ્ન તાત્કાલિક ધોરણે ઉકેલવા માટે કલેક્ટરને વિનંતી કરી છે, જેથી સ્થાનિક રહીશો અને શ્રદ્ધાળુઓને પડતી મુશ્કેલીઓનો અંત આવે.

### પ્રાચીન બહુચર માતાજીના મંદિરમાં બે દિવસીય૧૨માં પાટોત્સવનો ભવ્ય પ્રારંભ

# માતાજીની શોભાયાત્રામાં 'બોલ માડી બહુચર જય જય બહુચર'ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

મંગળવારે શંખલપુરના પ્રાચીન બહુચર માતાજીના મંદિરમાં ૧૨મા પાટોત્સવનો ભવ્ય પ્રારંભ થયો. બે દિવસીય આ પાટોત્સવમાં પ્રથમ દિવસે સવારે મા બહુચરની ધજાની પૂજાવિધિથી કાર્યક્રમની શરૂઆત થઈ. જેઠીબા સદનથી નીકળેલી શોભાયાત્રામાં હજારો ભક્તોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં 'બોલ માડી બહુચર જય જય બહુચર'ના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું.

શોભાયાત્રા માતાજીના નિજમંદિરે પહોંચ્યા બાદ જામનગરના યજમાન પટેલ જમન ભંડેરીના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું. ત્યારબાદ મુંબઈના શેઠ નરભેરામ સોરિયા દ્વારા દીપ પ્રાગટ્ય સાથે ૨૪ કલાકની આનંદના ગરબાની



મહાધૂનનો પ્રારંભ થયો, જેમાં રાજ્યભરમાંથી ૪૫૦થી વધુ ગરબા મંડળોએ ભાગ લીધો.

ઉલ્લેખનીય છે કે આ મંદિરમાં ૨૦૧૩ સુધી માતાજીની યંત્ર સ્વરૂપે પૂજા થતી હતી. ત્યારબાદ ટોડા મંદિર ટ્રસ્ટ દ્વારા ૮ ફૂટ ઊંચી મૂર્તિની સ્થાપના કરવામાં આવી. પાટોત્સવના બીજા દિવસે બુધવારે સવારે ૯:૩૦ વાગે નવચંડી યજ્ઞ યોજાશે, જે સાંજે ૫:૩૦ વાગે પૂર્ણ થશે. આનંદના ગરબાની ધૂન સવારે ૧૧ વાગે સમાપ્ત થશે. કાર્યક્રમમાં ટોડા ટ્રસ્ટના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ભોજન પ્રસાદનો લાભ લીધો.




# મન અને શરીર : યે કહાં આ ગયે હમ

કોલસામાં મરચાંની ભૂકી નાખીને ધુમાડો કર્યો હોય એવી બળતરા પેટમાં થતી હોય અને એ લ્હાય છાતીમાં ચડીને ભભૂકવા મથતી હોય એવી પરિસ્થિતિમાં વરસાદ વિશે કવિતા લખી શકાય? કવિતા છોડો, બાળકને બીજા ધોરણમાં આવતા સરવાળાના સાદા દાખલા કરાવવા પણ ભારે થઈ જાય. સવારે સૂર્યોદયની છડી પોકારી બારીએ બેસતાં કલરવ કે ઓશિકાની પડખે મુકેલા મોબાઈલ ફોનમાં રણકતાં એલાર્મના આક્રમણ પછી પણ શરીરને બેઠું કરવામાં ત્રાસ થતો હોય, ખાધેલું પચતું ના હોય કે શરીરના અંગો ફરિયાદ કરવામાં પણ એકબીજાની સ્પર્ધા કરતા તેવી સ્થિતિમાં સમૃદ્ધ અને તંદુરસ્ત વિચારો કે નિર્ણયો સાહજિક રીતે નથી ઉદ્ભવતા. અમુક કાયમી માંદગી ધરાવતા લોકો કે ક્ષતિગ્રસ્ત અંગ ધરાવતા લોકો પરિસ્થિતિનો પૂર્ણ સ્વીકાર કરીને, શરીરના પડકારોને ઝીલીને જાતને તૈયાર કરે છે. આવી વ્યક્તિઓની સજ્જતાને આપણે સ્ટ્રોંગ વીલપાવર અથવા હિંમત કહીએ છીએ. કારણ કે આપણે જાણીએ છે વિચારોના સંતુલન માટે દૈહિક સ્વાસ્થ્યની અગત્યની ભૂમિકા છે.

લાંબી માંદગી દરમ્યાન કોઈને ખબર ના પડે એ રીતે ડિપ્રેશન નામની જિદ્દી માનસિક બીમારી ઘર કરી જાય છે.ગંભીર બીમારીની લાંબી સારવાર કરાવતાં લોકોમાં હતાશા મોટા પ્રમાણમાં જોવા મળે છે. સામાન્ય સાજા નરવા લોકોની જેમ ચાલવા, ખાવા, બોલવા કે અન્ય રોજિંદા કામમાં પૂરા સ્વાવલંબી ના રહી શકો કે દરેક બાબતે સહાયની જરૂર પડે ત્યારે દુઃખની લાગણી થાય તે સાહજિક છે, પરંતુ દુઃખ અને ડિપ્રેશનમાં તફાવત છે. શરીરની માંદગી માનસિક રોગને આવકારે ત્યારે દર્દી, તેના સ્વજન તથા તેની સારવાર કરનાર ડોકટરે વધુ સજાગ થવું પડે. ક્રોનિક માંદગી અને તેની સારવારને કારણે શરીરના કેમિકલના ફેરફાર કે મેટાબોલિઝમમાં બદલાવ મનની નબળાઈમાં વધારો કરી શકે. દવાખાનામાં રહેવાની અવધિ વધુ હોય અને બીમારી પણ પ્રમાણમાં લાંબી ચાલી હોય તેવા કેસમાં પોસ્ટ હોસ્પિટલ સિન્ડ્રોમ પણ જોવા મળે છે. આ તમામ પરિસ્થિતિના કારણે જે વિચારો જન્મે તે સ્વસ્થ રહી શકે ખરા?

વિચલિત મન શરીરની તંદુરસ્તીને નુકશાનકારક છે એ જ રીતે માંદુ શરીર મનને વધુ નબળું કરે છે. શરીરમાં સતત નાની મોટી ફરિયાદો રહેતી હોય, ખોરાક, ઊંઘ અને કામનું સમયપત્રક ખોરવાયું હોય ત્યારે માત્ર વિચારો જ નહિ નજીકના સંબંધો પણ અસરગ્રસ્ત રહે છે. જેનું શરીર અને મન સ્વસ્થ ના હોય એના વર્તનમાં સામાન્યતઃ કેવા લક્ષણો જોવા મળે? સતત અકળામણ, નાની વાતનું મોટું સ્વરૂપ આપવું, ગેરસમજમાં વધારો, દરેક વાતની નકારાત્મક બાજુને પહેલા જોવી, બીજાનું ધ્યાન ખેંચવા માટેની ભૂખ, જાતને વધુ પડતી પંપાળવી, પોતાની અક્ષમતાનો આક્ષેપ બીજા પર નાખવો વગેરે જેવા વર્તન પહેલી નજરે ગંભીર નથી લગતા પણ જયારે તે સ્વભાવ બની જાય છે ત્યારે માત્ર વ્યક્તિનું કોઈ અંગ નહિ, આખું વ્યક્તિત્વ ક્ષતિગ્રસ્ત બની જાય છે. જે આરોગ્ય પરત્વે દુર્લક્ષ સેવીને પોતાની ખોટી આદતો ઉપર કથાઓ કરે છે એના હાથમાં સરવાળે નાકામયાબી સિવાય કઈ નથી રહેતું.

કોઈપણ પ્રકારની બૌદ્ધિક ક્રિયા, ક્રિયેટિવ વસ્તુ કે કળા માટે માત્ર શોખ અને કૌશલ્ય પૂરતા નથી. સ્વસ્થ શરીરનો સાથ, રિયાઝ અને સારી આદત તમામ બૌદ્ધિક અને માનસિક ક્રિયા ને વધુ અર્થપૂર્ણ અને ફળદાયી બનાવી શકશે. આપણી પાસે સફળ અને પ્રખ્યાત વ્યક્તિના અસંખ્ય ઉદાહરણ છે જેઓ પોતાના શરીર માટે સજાગ થઈને ચોક્કસ શિસ્ત સાથે જીવનની ડિઝાઈન કરી હોય. ગાંધીજીના ઉપવાસ કે શરીરને લઈને કરેલા પ્રયોગો વાંચીએ કે અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટી કસરત જોઈએ તો એમાં શીખવા જેવું એ જ છે કે, જીવની દરેક ક્ષણના મહત્તમ ઉપયોગ માટે શરીર તંદુરસ્ત રાખવું હિતાવહ છે. કોરોના કાળમાં બહુમતી લોકોમાં આરોગ્ય માટેની સમજ વધી અને એ માટે પ્રયત્નો પણ શરૂ થયા. દરેક શહેરમાં સાયકલિંગ કલબ, યોગ કલાસ, જિમ, એરોબિક, ઝુમ્બા, સ્વિમિંગ જેવી પ્રવૃત્તિઓ વધી . પ્રકૃતિ સાથેનું સંધાન પણ વધ્યું, ઓર્ગેનિક ખેતી તથા શુદ્ધ હવા માટેની જાગૃતિ વધી છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ભાજપમાં લોહી ચાખી ગયેલો જુથવાદ હવે ખુલ્લામાં આવીને શિકાર કરે છે : સંદેશ

# ગુજરાત ભાજપમાં ફ્રી ફોર ઓલ જેવી સ્થિતિ : જલ્દી પ્રદેશ પ્રમુખ નિમાવવાનો સંકેત

**સંગઠન નવરચના જુથવાદ અને લેટર કાંડના પગલે જ મુલત્વી રાખી અને સ્થાનીક ચૂંટણીમાં ગયા તો ત્યાં પણ વિવાદના દાબડા ખુલવા લાગ્યા**

**એક સમયે તટસ્થ મનાતા પાટીલ પર પણ હવે જુથવાદના આરોપ : આસપાસના લોકો ખુદને મોટા સમજવા લાગતા પ્રસ્થાપિત નેતાઓ પર સીધા પ્રહાર થયા**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૪

ગુજરાતમાં સંગઠન નવરચના અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી સહિતના મુદ્દે સર્જાઇ રહેલા એક બાદ એક લેટર કાંડ અને જે રીતે નેતાઓના વિધાનો ધડાધડ આવી રહ્યા છે તેનાથી ભાજપ મોવડી મંડળ સ્તબ્ધ થઇ ગયું છે. ગુજરાતમાં સંગઠન નવરચના વિલંબમાં મુકીને ભાજપ પસ્તાઇ રહ્યું હોય તેવો સંકેત મોવડી મંડળે આપી દીધો છે અને હવે ટુંક સમયમાં જિલ્લા મહાનગરોની રચનાને વિલંબમાં મુકીને પહેલા પ્રદેશ પ્રમુખ અને તેની ટીમ રચી દે તેવી શક્યતા વ્યકત થઇ રહી છે.



એટલું જ નહીં અગાઉ જે રીતે જ્ઞાતિ-જાતિના સમીકરણો, ઓબીસી કે પછાત વર્ગ અથવા સવર્ણમાંથી કોઇ પ્રદેશ પ્રમુખ આવશે તેવી ચર્ચાના બદલે હવે ગુજરાત ભાજપને કંટ્રોલ કરી શકે તેવા પ્રદેશ માટે પણ મોવડી મંડળ વિચારણા કરી રહ્યું હોવાના સંકેત છે. ખાસ કરીને જે રીતે અમરેલી લેટર કાંડ જેમાં ભાજપ મોવડી મંડળ અને સરકારે ભીનુ સંકેલવા પ્રયત્નો કર્યો હતો.

પરંતુ તે શક્ય બન્યું નથી અને રાજ્ય સરકારને ખાસ તપાસ ટીમ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના વડા નિર્લેપ્ત રાયના નેતૃત્વ હેઠળ રચવી પડી અને તેનો રીપોર્ટ પણ મુખ્યમંત્રીના ટેબલ પર આવી ગયો હોવાનો સંકેત છે. તે સમયે જ અમરેલીમાં પૂર્વ સાંસદ દિલીપ સંઘાણીએ નાર્કો ટેસ્ટની માંગણી કરીને હવે જિલ્લામાં અત્યાર સુધી જે બંધ બારણે યુદ્ધ ચાલતું હતું તે ખુલ્લામાં લાવી દીધું છે અને તેમના સમર્થનમાં પૂર્વ સાંસદ નારણ કાછડીયા આવી ગયા છે.

બીજી તરફ વર્તમાન ભરત સુતરીયા અને ભાજપના દંડક અને ધારાસભ્ય કૌશિક વેકરીયાનું ગ્રુપ પણ હવે આક્રમક બને તેવા સંકેત છે. અને સરકારનું કર્યુ કારવ્યું ધુળમાં મળી જાય તેવી શક્યતા છે. બીજી તરફ પૂર્વ નાયબ મંત્રી નીતિન પટેલે જે રીતે ભાજપમાં રાજકીય દલાલી વધી ગઇ છે તેવું જાહેર કરીને નવો ખળભળાટ મચાવી દીધો છે. જો કે નીતિન પટેલ અવાર-નવાર પોતાનો આક્રોશ વ્યકત કરતા રહે છે. પરંતુ હવે સમગ્ર પક્ષને લપેટી લીધો છે એટલું જ નહીં એક બાદ એક લેટર કાંડમાં પણ કેબીનેટ મંત્રીઓ સપડાઇ રહ્યા છે.

આમ ગુજરાત ભાજપમાં હાલ કોઇ અંકુશ ન હોય તેવી સ્થિતિ બની છે અને હજુ ચૂંટણી પરિણામો બાકી છે તેમજ સંગઠન નવરચના તો જિલ્લા અને મહાનગર કક્ષાએ શરુથી શરુ કરવાની છે. તેમાં પણ અંકુશ લગાવવામાં ન આવેત નવો વિખવાદ પેદા થાય તેવી શક્યતા નકારાતી નથી અને આથી જ હવે નવા પ્રમુખની ચર્ચા ફરી એક વખત વેગવાન બની છે.

સુત્રોના જણાવ્યા મુજબ જે રીતે સી.આર. પાટિલે આવતા જ પોતાની ધાક બનાવી લીધી હતી અને રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન પણ થયું પછી પાટિલ એટલે ગુજરાત ભાજપ અને ગુજરાત ભાજપ એટલે પાટિલ તેવી પરિસ્થિતિ બની ગઇ હતી. અને તેમાં હવે અચાનક જ ભડકો થયો છે અને અત્યાર સુધી જે સી.આર. પાટિલ અને તેની ટીમ તટસ્થ મનાતી હતી તે પણ જુથવાદમાં વ્યસ્ત હોવાનું બહાર આવી ગયું છે.

એટલું જ નહીં તેના કારણે પાટિલ અને તેની આસપાસના લોકોને ટાર્ગેટ બનાવવાનું શરુ થઇ ગયું છે. તો પાટિલ જુથની આસપાસ મનાતા અનેક કદ રાતોરાત વધી ગયા અને તેઓએ પણ સ્થાનિક ચૂંટણીમાં પક્ષના સ્થાપિત નેતાઓને પડકારવાનું શરુ કરી દીધું છે. આમ હવે ભાજપમાં જુથવાદ સમરસ થઇ ગયો હોય તેવી સ્થિતિ છે અને તેથી જ હવે નવા પ્રમુખની પસંદગી અઘરી બનશે.

ખાસ કરીને જે રીતે હવે જુથવાદ જે અગાઉથી હતો તે ખુલ્લામાં આવવાનું લોહી ચાખી ગયો છે. તેથી તેને પાંજરે કેમ પુરવો તે જ સૌથી મોટો પ્રશ્ન છે અને નવા પ્રમુખને જુના જોગીને પણ જવાબદારી સોંપાય નહીં તો આશ્ચર્ય થશે નહી પક્ષ એક-એક નામ પર જોખી જોખીને વિચારણા કરી રહ્યું છે. અને અગાઉની જેમ દિલ્હીથી ગુજરાત ભાજપ ચાલે તેવું રહ્યું નથી તે નિશ્ચિત થઇ ગયું છે.

## અમદાવાદમાં અસામાજિક તત્વોને પોલીસનો ખોફ નથી

# અમદાવાદ શહેરમાં રાત્રે ડીજે બંધ કરાવવા ગયેલી પોલીસ પર પથ્થરમારો, એક જવાનને લાફો માર્યો

અમદાવાદ, તા. ૪

અમદાવાદમાં ગુનેગારોને જાણે પોલીસનો ખોફ નથી રહ્યો. ટ્રાફિકના નિયમોની ઐસી તૈસી કરી હિટ એન્ડ રનની ઘટના અહીં સામાન્ય છે. પોલીસનો ડર તો ઠીક પણ અસામાજિક તત્વોએ પોલીસને પણ માર મારી પથ્થરમારો કર્યાની સનસનીખેજ ઘટના બહાર આવી છે. અહીં મોડી રાત સુધી વાગતા ડીજેને બંધ કરાવવા ગયેલી પોલીસ પર લોકોએ પથ્થરમારો કર્યો હતો અને એક પોલીસ કર્મીને લાફો મારી દીધો હતો.



અમદાવાદમાં પોલીસ પર પથ્થરમારાની ઘટનાએ સમગ્ર પોલીસ તંત્રમાં હાહાકાર મચાવી દીધો છે. શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં મોડી રાત્રે ડીજે બંધ કરાવવા ગયેલી પોલીસની ટીમ પર કેટલાક અજાણ્યા લોકોએ પથ્થરો ફેંક્યા હતા. આ ઘટનાને લઈને પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

મળતી માહિતી અનુસાર, ગુલબાઈ ટેકરા વિસ્તારના લગ્ન પ્રસંગમાં મોડી રાત સુધી ડીજે વાગી રહ્યું હતું. આ અંગેની માહિતી પોલીસને મળી હતી. ઘટનાસ્થળે પહોંચેલા પોલીસકર્મીઓએ ન્યૂસન્સ ફેલાવવા માટે ના પાડી હતી.ત્યારે અજાણ્યા લોકોએ પોલીસના જવાનને લાફો માર્યો હતો. જે બાદ તમામ લોકોએ પોલીસ પર પથ્થર માર્યો કર્યો હતો. આ ઘટનાએ ઉગ્ર રૂપ ધારણ કરતા આસપાસના પોલીસ સ્ટેશનનો સ્ટાફ બોલાવવો પડ્યો હતો.

પોલીસના જણાવ્યાનુસાર, હાલ આ વિસ્તારમાં શાંતિ છે, ઘટનામાં કોઈ પોલીસ ઈજાગ્રસ્ત નથી. ઘટનાને લઈ રાયટિંગની ફરિયાદ નોંધવામાં આવશે. જે બાદ વધુ તપાસ હાથ ધરવામાં આવશે.

## વાર્ષિક ધોરણે સોના સામે ધિરાણમાં ૭૨ ટકાનો અભૂતપૂર્વ વધારો

# આર્થિક તકલીફ! બે જ વર્ષમાં ગોલ્ડ લોનની રકમ 'ડબલ'

મુંબઇ, તા.૪

સોના-ચાંદીના ભાવમાં તેજીનો દોર છે તેવા સમયે બેંકોમાંથી ગોલ્ડ લોન લેવાનું ચલણ સતત વધી રહ્યું છે. વાર્ષિક ધોરણે ગોલ્ડ લોનમાં ૩૧ ટકાનો મોટો વધારો થયો છે. સોનાના ઉંચાભાવ કારણરૂપ છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આંકડાકિય રીપોર્ટ પ્રમાણે ચાલુ નાણાં વર્ષના પ્રથમ નવ મહિનામાં વ્યાપારી બેંકો દ્વારા અપાતી ગોલ્ડ લોન ૬૮ ટકાનો વધારો સુચવે છે. કુલ ગોલ્ડ લોન ૧.૭૨ લાખ કરોડે પહોંચી છે. ગત વર્ષે આ સમયગાળામાં વૃધ્ધિદર માત્ર ૧૨.૭ ટકાનો હતો. ગોલ્ડ સિવાય ફીકસ્ડ ડીપોઝીટ તથા શેર સામે લોનમાં વૃધ્ધિદર અનુક્રમે ૧૯ તથા ૨૨ ટકાનો રહ્યો હતો.

નાણાં બજારના જાણકારોના કહેવા પ્રમાણે પર્સનલ લોન સેગ્મેન્ટમાં સૌથી મોટો લોન વૃદ્ધિદર ગોલ્ડમાં છે. વાર્ષિક ધોરણે ૭૧ ટકા તથા ચાલુ વર્ષમાં ૬૮ ટકાનો વધારો સુચવે છે. આ માટે ત્રણ કારણો જવાબદાર છે.

લોન ધારકો નોન-બેક્રીંગ ફાઈનાન્સ કંપનીઓમાંથી બેંકો તરફ શિફટ થયાનું એક મોટું કારણ છે. ગોલ્ડ લોનમાં બેંકોનો હિસ્સો ૮૨ ટકા તથા નોન-બેક્રીંગ ફાઈનાન્સ કંપનીઓનો હિસ્સો ૧૮ ટકા છે.

બીજુ કારણ સોનાના ઉંચા ભાવને કારણે વિવિધ જરૂરીયાત પૂર્ણ કરવા તેના પર લોન લેવાનું આકર્ષણ વધ્યું છે. ત્રીજુ કારણ લોકો નબળી આર્થિક સ્થિતિમાંથી બહાર આવવા સોના સામે ધિરાણ લેવાનું છે.

પર્સનલ લોન સેગમેન્ટમાં ક્રેડિટ કાર્ડ ધિરાણની બાકિ વસુલાત ૧૫.૬ ટકા વધીને રૂા.૨.૯ લાખ કરોડ પહોંચી છે. બેંકોનો સૌથી મોટો પોર્ટફોલીયો હોમલોનનો છે અને તે ૨૯.૩ લાખ કરોડનો છે. જો કે, હોમલોન વૃદ્ધિદર ધીમો પડ્યો છે અને વાર્ષિક ધોરણે માત્ર ૧૧.૧ ટકાનો જ વધારો સુચવે છે. બીજી તરફ કન્ઝયુમર ડ્યુરેબલ ક્ષેત્રમાં લોન વૃદ્ધિ નેગેટીવ છે અર્થાત તે ક્ષેત્રની લોનમાં ઘટાડો છે.

રિઝર્વ બેંકના રીપોર્ટ મુજબ નોન-ફૂડ ધિરાણ ડીસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ ૧૭૨.૫ લાખ કરોડ રહ્યું હતું જે ૧૧.૧ ટકાનો વધારો સુચવે છે. કૃષિ ધિરાણમાં ૧.૬૭ લાખ કરોડના વધારા સાથે તે ૧૨.૫ ટકાનો વૃદ્ધિ દર સુચવે છે.

પર્સનલ લોન ક્ષેત્રના ધિરાણમાં ૧૨ ટકાની વૃદ્ધિ છે. તેમાં ૪.૬ લાખ કરોડનો વધારો હતો અને કુલ પર્સનલ ધિરાણ ૫૮ લાખ કરોડનું છે. ઔદ્યોગિક ક્ષેત્રનું ધિરાણ નબળું જ હતું. કુલ ૩૮.૫ લાખ કરોડ હતું. વૃદ્ધિ દર ૭.૨ ટકા હતું. મોટા ઉદ્યોગોના ઋણમાં પાંચ ટકાનો વધારો માલુમ પડ્યો હતો.

નોન બેક્રીંગ ધિરાણ દાતાઓ પાસેથી લોન મંજુરી સરળ હોય છે. નોન-બેક્રીંગ ફાઈનાન્સ કંપનીઓનું એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૪નું છ માસનું ધિરાણ ૧.૫૫ લાખ કરોડ થયું હતું જે આગલા વર્ષમાં ૧.૩૨ લાખ કરોડનું હતું. ટોચની કંપની મુથુટ ફાઈનાન્સમાં ગોલ્ડ અંડર મેનેજમેન્ટ પોર્ટફોલિયોમાં ૨૮ ટકાનો વધારો હતો. મન્નાપુરમ ફાઈનાન્સનો આ પોર્ટફોલીયો ૧૭ ટકા વધ્યો હતો.

રેટીંગ એજન્સીના સૂત્રોએ કહ્યું કે વૈશ્વિક બજારમાં સોનાના સતત વધતા ભાવ અને ડોલર સામે નબળા પડતા રુપિયાને કારણે ગોલ્ડ સામે લોન પેટે મોટી રકમ આપવામાં કંપનીઓ કોઈ ખચકાટ રાખતી નથી.

રિઝર્વ બેક્રના નિયમ પ્રમાણે સોનાના માર્કેટ રેટની ૭૫ ટકા રકમ લોનરૂપે આપી શકાય છે. ચાલુ વર્ષે એપ્રિલથી ડીસેમ્બરમાં સોનાના ભાવમાં ૧૨ ટકાની વૃદ્ધિ છે. રસપ્રદ વાત એ છે કે, ૨૦૨૨ના કેલેન્ડર વર્ષમાં ગોલ્ડ લોન ૮૬૦૦૦ કરોડની હતી તે બે જ વર્ષમાં ૧.૭૨ લાખ કરોડ ડબલ થઈ ગઈ છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

### દેવાએ શાહિદ કપુરની અમુક ફિલ્મોનો રેકોર્ડ તોડ્યો

# અક્ષય કુમાર, કંગના અને શાહિદ કપૂરની ફિલ્મોમાં કમાણીની દ્રષ્ટિએ કોણે મેદાન માર્યુ?

મુંબઈ : બોલિવૂડ અભિનેતા શાહિદ કપૂરની ફિલ્મ 'દેવા' કોઈક રીતે બોક્સ ઓફિસ પર ટકેલી જોવા મળે છે. શુક્રવારે થિયેટરોમાં રિલીઝ થયેલી આ એકશન થ્રિલર ફિલ્મની કુલ કમાણી અત્યાર સુધીમાં લગભગ ૨૦ કરોડ રૂપિયા રહી છે.



શાહિદ કપૂરની આ ફિલ્મના ટ્રેલરની ખૂબ ચર્ચા કરવામાં આવી હતી પરંતુ શાહિદ કપૂરને ખાસ કરીને રાઉડી અવતારમાં પ્રેક્ષકોને પસંદ ન હતાં. હાલમાં, કંગનાની 'ઈમરજન્સી' અને અક્ષય કુમારની 'સ્કાય ફોર્સ' પણ થિયેટરોમાં હાજર છે, જેનાં કારણે 'દેવા' ના વ્યવસાયને અસર થઈ રહી છે. તો ચાલો આપણે જાણીએ કે આ ત્રણ ફિલ્મોની સ્થિતિ બોક્સ ઓફિસ પર કેવી છે.

'દેવા' એ શાહિદની ફિલ્મોનો રેકોર્ડ તોડ્યો

ફિલ્મોનાં કમાણીના આંકડા રજૂ કરનારા પ્લેટફોર્મે એક અહેવાલમાં જણાવ્યું હતું કે 'દેવા' એ ઓપનિંગ દિવસે ૫.૫૦ કરોડની કમાણી કરી હતી અને બીજા દિવસનું કલેકશન ૬ કરોડ ૪૦ લાખ હતું. સતત ત્રીજા દિવસે, ફિલ્મની કમાણીમાં વૃદ્ધિ જોવા મળી છે અને તેનો રવિવારની કમાણી
[redacted] રહી છે. આ રીતે, 'દેવિ' નો પ્રથમ સપ્તાહનું કલેકશન
[redacted] થયું છે જે શાહિદ કપૂરની 'તેરી મેરી કહાની', 'જર્સી'
[redacted] વધારે છે.
[redacted] કલબમાં સ્કાય ફોર્સ
[redacted] અને વીર પહરિયાની ફિલ્મ 'સ્કાય ફોર્સ' વિશે વાત
[redacted] બોક્સ ઓફિસ પર ૧૦ મા દિવસે ૧૦૦ કરોડની
[redacted]. પ્રથમ અઠવાડિયામાં ૮૬ કરોડ ૫૦ લાખ રૂપિયા
[redacted] ફિલ્મ શુક્રવારે માત્ર ૩ કરોડની કમાણી કરી હતી.
[redacted] ટકાનો વધારો થયો છે અને આ આંકડો વધીને ૫
[redacted] છે. શનિવારે, આ ફિલ્મે ૧૦૦ કરોડની કલબમાં
[redacted]
[redacted] અસ્તિત્વની લડાઈ લડી રહી
[redacted] નાની ફિલ્મ 'ઈમર્જન્સી' કોઈક રીતે બોક્સ ઓફિસ
[redacted] લડાઈ લડી રહી છે. શુક્રવારે, આ ફિલ્મે ફક્ત ૭ લાખ
[redacted] હતી. શનિવારે ભારતીય કુલ ૧૫ લાખ રૂપિયાની
[redacted] વારે, અત્યાર સુધીમાં આ ફિલ્મની અઠવાડિયની કુલ
[redacted] હજાર રૂપિયા થઈ છે. આ ગતિએ, કંગનાની ફિલ્મ
[redacted] માંથી બહાર થઈ શકે છે, કારણ કે ઘણી મોટી ફિલ્મો
[redacted] રીલીઝ થવા માટે તૈયાર છે.

### ગુજરાતમાં UCC લાગુ કરાશે : સુપ્રિમના નિવૃત્ત ન્યાયમૂર્તિના અધ્યક્ષપદે કમિટી

# ઉત્તરાખંડ બાદ સમાન નાગરિક ધારો લાગુ કરવામાં ગુજરાત બીજુ રાજ્ય બનવાનું બહુમાન મેળવશે

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૪

દેશમાં સમાન નાગરિક ધારો લાગુ કરવાની મોદી સરકારના આયોજનના ભાગરૂપે પહેલા ઉત્તરાખંડમાં યુનિફોર્મ સીવીલ કોર્ટ લાગુ કરાયા બાદ હવે ગુજરાતમાં પણ ટૂંક સમયમાં જ આ ધારો લાગુ કરવામાં આવશે.

આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરતા જણાવ્યું રાજ્યમાં વસતા તમામ નાગરિકોને સમાન હક્ક અને અધિકાર મળે તે માટે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સીવીલ કોર્ટ અથવા તો યુનિફોર્મ સીવીલ કોર્ટ લાગુ કરવા માટે શક્યતાઓ ચકાસવા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ રંજના દેસાઈના અધ્યક્ષતામાં કમીટી રચવા નિર્ણય લેવાયો છે.

જે ૪૫ દિવસમાં તેનો રીપોર્ટ રાજ્ય સરકારને આપી દેશે અને તે બાદ રાજ્ય સરકાર તે જાહેર જનતાના અભિપ્રાય અર્થે મુકશે અને બાદમાં તેના પરથી એક સમાન ધારો અમલમાં આવી જશે આ માટે વિધાનસભાના ચોમાસુ સત્રમાં ખરડો આવે તેવી શક્યતા છે.

સરકારે આજે આ માટે કમીટીના અધ્યક્ષ પદે રંજના દેસાઈ કે જેઓ સુપ્રિમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ છે તે ઉપરાંત વરિષ્ઠ આઈએસ અધિકારી સી.એલ. મીનાને સભ્ય સચિવ બનાવાયા છે. જ્યારે ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેસ ઠાકર તથા સામાજીક કાર્યકર ગીતાબેન શ્રોફ તેના સભ્ય રહેશે. ઉત્તરાખંડમાં આ કાનૂન લાગુ થઈ ગયો છે અને હવે ગુજરાત તે લાગુ કરનાર બીજુ રાજ્ય બનશે.

આ પત્રકાર પરિષદમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ૪૫ દિવસમાં કમિટી દ્વારા જે રીપોર્ટ અપાશે તેનો રીવ્યુ કરવામાં આવશે અને અભિપ્રાયો પણ માંગવામાં આવશે અને બાદમાં સરકાર યોગ્ય નિર્ણય લેશે તેમજ કોઈ જ્ઞાતિ-જાતિ કે સમાજને નુકસાન ન થાય તેનું પણ ખાસ ધ્યાન રાખશે.

ખાસ કરીને અદિવાસ સમાજની ચિંતા સરકાર કરશે. શ્રી સંઘવીએ જણાવ્યું કે આ કાયદો કોઈ એક સમુદાયને ધ્યાનમાં રાખીને લવાયો નથી અને સરકાર તેનો અમલ પણ તટસ્થ રીતે કરશે.




**યુસીસી કમિટિના અધ્યક્ષ અને સભ્યો**

- રંજના દેસાઇ, સુપ્રિમ કોર્ટના નિવૃત્તિ ન્યાયધિશ (અધ્યક્ષ)
- વરિષ્ઠ નિવૃત્તિ આઇએએસ અધિકારી સી.એલ. મીના (સભ્ય)
- એડવોકેટ આર.સી. કોડેકર (સભ્ય)
- ભૂતપૂર્વ વી.સી. દક્ષેસ ઠાકર-(સભ્ય)
- સામાજીક કાર્યકર ગીતાબેન શ્રોફ-(સભ્ય)

### રાજ્યમાં આદિવાસી સમાજના હિતોને પણ અસર ન થાય તેનું ધ્યાન રાજ્ય સરકાર રાખશે

# ગુજરાતમાં પણ હવે બહુ પત્નિત્વ માન્ય નહીં રહેઃ લીવ ઇન રીલેશનશીપનું રજીસ્ટ્રેશન જરૂરી

## ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પ્રસ્તાવિત કાનૂન અંગે માહિતી આપી : છ માસમાં લગ્નનું રજીસ્ટ્રેશન ફરજીયાત : ૧૮ વર્ષ પહેલા લગ્ન કરી શકાશે નહીં

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૪

ગુજરાતમાં લાગુ થવા જઈ રહેલા યુનિફોર્મ સીવીલ કોડમાં રાજ્ય સરકારે જે પાંચ સભ્યોની કમીટી નિમી છે તે અલગ અલગ પાંચ કાનુનો પર વિચારણા કરશે અને તેમાં ઉત્તારાખંડ મોડેલને અનુસરશે તેવા સંકેત છે. સરકારે આ કાનુનમાં ક્રિમીનલ કાયદાની માફક સિવિલ કાયદાની માફકમાં પણ સુધારાની તૈયારી કરી છે.





જેમાં પર્સનલ લો એટલે કે મુસ્લિમોમાં શાદી અને સંપત્તિ જે મુસ્લિમ લો મુજબ થાય છે તે આ કાનૂન લાગુ કર્યા બાદ યુનિફોર્મ સીવીલ કોડ મુજબ થશે. આ જ રીતે છુટાછેડામાં પણ હવે હિન્દુઓને જે કાનૂન લાગું પડે છે તે ઈસાઈ, શિખ અને મુસ્લિમોને પણ લાગુ થશે. આમ પ્રથમ વખત ગુજરાતમાં કાનૂન ધર્મ નેચરલ બનશે.

રાજ્ય સરકારે જો કે જણાવ્યું હતું કે ગુજરાતમાં વસતા આદિવાસીઓ કે જેમાં આ કાનૂન અંગે પ્રશ્ર્ન છે તેની લાગણીઓને પણ ધ્યાનમાં રખાશે. જો કે આદિવાસી સમાજને આ કાનૂન લાગી પડશે કે કેમ તે અંગે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કોઈ સીધો જવાબ ટાળતા કહ્યું હતું કે આદિવાસી સમાજને નુકશાન ન જાય તેની પણ ચિંતા કરવામાં આવશે અને તેના હકકનું રક્ષણ કરાશે.

ગુજરાતમાં પણ આ કાનૂન અમલમાં આવ્યા બાદ છ મહિનાની અંદર લગ્નનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને લીવ-ઈન રીલેશનશીપનું પણ રજીસ્ટ્રેશન ફરજીયાત બનશે. તે જ રીતે પુત્ર અને પુત્રીને મિલ્કતોમાં પણ સમાન અધિકાર મળશે. તો મુસ્લિમોમાં જે બહુ પત્નીત્વ પર પણ પ્રતિબંધ આવી જશે અને ૧૮ વર્ષની ઉંમર પૂર્વે લગ્ન કરાવી શકશે નહીં તેમજ સમગ્ર મિલ્કતના વસીયતની પણ છુટ અપાશે આમ આ કાનૂન ક્રાંતિકારી બની રહેશે.

# શું પેટ્રોલ-ડીઝલ પણ GST હેઠળ આવશે? સરકારે સંસદમાં આપ્યો જવાબ




(ગરવી તાકાત) અમદાવાદત ા.૪

પેટ્રોલ અને ડીઝલનો હાલ જીએસટીમાં સમાવેશ કરવાની કોઈ તૈયારી નથી. રાજ્યસભામાં એક સવાલના જવાબમાં કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રાલયે આ જાણકારી આપી છે. રાજ્યસભામાં જાણકારી આપતા કેન્દ્રીય મંત્રાલયે જણાવ્યું કે, પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવા માટે જીએસટી કાઉન્સિલની ભલામણ જરૂરી છે.

જીએસટી કાઉન્સિલમાં દેશના તમામ રાજ્ય સામેલ છે અને તેમણે અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવાને લઈને કોઈ સલાહ કે ભલામણ નથી કરી.




**જીએસટી કાઉન્સિલે કર્યો ઈનકાર**

**પેટ્રોલિયમ મંત્રાલયે એવું પણ કહ્યું કે, જીએસટી કાઉન્સિલની ૫૫મી બેઠક ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪ના દિવસે થઈ હતી, જેમાં વિમાનમાં ઉપયોગમાં લેવાતા ઈંધણને જીએસટી હેઠળ લાવવા અંગે ચર્ચા થઈ હતી. પરંતુ,જીએસટી કાઉન્સિલે આ ભલામણને નકારી દીધી હતી.**

**શું પેટ્રોલ-ડીઝલનો જીએસટીમાં સમાવેશ થશે?**

**નોંધનીય છે કે, કેન્દ્ર સરકારને જ્યારે પણ આ મુદ્દે સવાલ પૂછવામાં આવ્યો કે, શું પેટ્રોલ અને ડીઝલનો જીએસટીમાં સમાવેશને લઈને કોઈ વિચાર છે તો કેન્દ્ર સરકારે એવો જ જવાબ આપ્યો કે, તેનો નિર્ણય જીએસટી કાઉન્સિલ કરશે. આ કાઉન્સિલમાં દેશના તમામ રાજ્યોના પ્રતિનિધિ હાજર છે.**

**રાજ્યોએ કર્યો ઈનકાર**

**કેન્દ્ર સરકાર પહેલાં પણ કહેતી રહી છે કે, જ્યારે પણ આ મુદ્દો જીએસટી કાઉન્સિલ સામે આવ્યો તો તમામ રાજ્યોએ પેટ્રોલ અને ડીઝલને જીએસટી હેઠળ લાવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. એવામાં એવું કહેવું કે, કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ નથી લાવવા ઈચ્છતી તે ખોટું છે. કારણ કે, જીએસટી કાઉન્સિલમાં તમામ રાજ્યોના પ્રતિનિધિ છે, જો તે આ પ્રસ્તાવને નકારે છે તો કેન્દ્ર સરકાર જીએસટી કાઉન્સિલની મંજૂરી વિના પેટ્રોલ અને ડીઝલનો જીએસટી હેઠળ સમાવેશ ન થઈ શકે.**

# ઈન્વેસ્ટરોની સંપતિમાં પાંચ લાખ કરોડનો વધારો

## શેરબજારમાં એકાએક તેજીનો ઝંઝાવાત : સેન્સેકસ ૧૪૦૦ પોઈન્ટ ઉછળ્યો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૪

મુંબઈ શેરબજારમાં આજે તેજીએ તોફાન સર્જયું હતું. ટ્રેડવોરનું જોખમ હળવું થતાં અને ભારતને ખાસ વાંધો નહીં આવવાના આશાવાદ હેઠળ સેન્સેકસમાં ૧૪૦૦ પોઈન્ટથી અધિકનો ઉછાળો હતો. ઈન્વેસ્ટરોની સંપત્તિમાં પાંચ લાખ કરોડનો વધારો થયો હતો.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને બાદ કરતા મેક્સીકો અને કેનેડા ઉપર લાદેલી ડ્યુટીનો અમલ એક મહિનો મુલત્વી રાખતા ટ્રેડવોરનું જોખમ હળવું થવાના આશાવાદથી સારી અસર થઈ હતી.

ચીન પર વધારાની ડયુટી યથાવત રાખી હતી. ચીને પણ વળતો ડ્યુટી વધારો ઝીંકતા દેશો વચ્ચે ટ્રેડવોર જામી શકે છે. પરંતુ ભારત તેમાંથી છટકી જશે તેવો આશાવાદ વ્યકત થતો હતો. આ સિવાય રીઝર્વ બેંક વ્યાજદરમાં ઘટાડો કરશે તેવા આશાવાદથી માનસ સારુ થયું હતું. લોકલ ફંડોની લેવાલીનો પણ પડઘો હતો.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે નવું આવકવેરા બીલ પ્રોત્સાહક રહેવાનો તથા વ્યાજદરમાં ઘટાડાનો આશાવાદ છે. છેલ્લા દિવસોમાં માર્કેટ ઘણું ઘટી ગયું હતું એટલે રિકવરી પણ અપેક્ષિત હતું. આ કારણોસર ઉછાળો ઝડપી અને તોફાની બન્યો હતો.

શેરબજારમાં આજે મોટાભાગના શેરોમાં ઉછાળો હતો. એશિયન પેઈન્ટસ, એક્સીસ બેંક, બજાજ ફાઈનાન્સ, ભારતી એરટેલ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ડુસઈન્ડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્ર, એનટીપીસી, પાવરગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ, ટેક મહિન્દ્ર, ટાઈટન, અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રીરામ પાઈનાન્સ, અદાણી પોર્ટ, ભારત ઈલેકટ્રોનિક્સ વગેરે ઉંચકાયા હતા.

# મહેનત કરવાથી ક્યારેય ગરીબી નથી આવતી, ધર્મ કરવાથી પાપ અને મૌન રાખવાથી ક્યારેય ઝગડો વિવાદ નથી થતો



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે. આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે,તેમાંથી તેને છોડાવવાનો છે. ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક- એક ગાંઠ તૂટે છે. પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય.માટે ઈશ્વર એકલો જ સાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું.

એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવતની કથા સાંભળે.એક બ્રાહ્મણરોજ કથા કરવા આવે. એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું,મારાથી કાલે કથા નહીં સંભળાય. નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું,તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે. ગૃહસ્થે કહ્યું, પરંતુ કથા સાંભળી એને ક્યાંક સંસાર ઉપરથી વૈરાગ્ય આવી જાય તો?બ્રાહ્મણે કહ્યું, બાર વર્ષથી તમે કથા સાંભળો છો તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે? યજમાન કહે છે, અમે રોજ કથા સાંભળીએ છીએ પણ મનની ગાંઠ છોડતા નથી તો!

પરમાત્માના ચરણોનો આશ્રય લઈ મહાપાપી ધુંધુકારી દેવ જેવો બન્યો.

ધુંધુકારીને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા.ગોકર્ણ પાર્ષદોને પૂછે છે કે,એકલા ધુંધુકારી માટે વિમાન લાવ્યા, બીજા કોઈ માટે ન લાવ્યા? ત્યારે પાર્ષદો કહે છે કે, તે એક આસને બેસતો. ઉપવાસ કરતો અને કથાનું રોજ શ્રવણ સાથે મનન કરતો!માટે કથા રોજ ધુંધુકારીની જેમ સાંભળવી જોઈએ .તેણે કથાનું શ્રવણ, મનન એટલે નિદિધ્યાસન કર્યું એટલે મુક્તિ મળી.

દઢતા વગરનું જ્ઞાન નકામું, બેદર કારીથી કરેલું શ્રવણ નકામું, સંદેહ હોય તે મંત્ર નકામો અને વ્યગ્ર ચિત્તે કરેલો જપ પણ નકામો કથામાં બેઠા હોય પણ મન ન હોય તો એ શ્રવણ શું કામનું!કથા સાંભળતી વખતે તન, મન અને ઘરનું ભાન ભૂલાઈ જવું જોઈએ. તન્મયતાથી કથા સાંભળવી જોઈએ.કથા સાંભળી જીવનમાં એક લક્ષ્ય નક્કી કરવું જોઈએ. ભાગવત ભગવાનની કથા પ્રભુના દિવ્ય સદગુણોને જીવનમાં ઉતારો પૂર્વજન્મનો વિચાર ન કરો.જનક રાજાએ પોતાના પૂર્વજન્મો જોવા ઋષિ યાજ્ઞવલ્કય પાસે માગણી કરી.યાજ્ઞવલ્કય તેને તેના પૂર્વ જન્મો બતાવ્યા. જનકરાજાએ જોયું કે, પોતાની પત્ની અગાઉના એક જન્મમાં પોતાની માતા હતી. તેઓને દુઃખ થયું.તેથી એ પૂર્વ જન્મના વિચારો ન કરો.આ જન્મ જ સુધારવા પ્રયત્ન કરો. કથા એ પણ કીર્તન ભક્તિનું સ્વરૂપ છે અને કીર્તન ભક્તિ દ્વારા જે પરમાત્માના દર્શન થાય છે,એ કથાશ્રવણ દ્વારા પણ થઈ શકે છે સંસારનો જીવમાત્ર વ્યાસ નારાયણનો શિષ્ય છે.

ભાગવતએ મૃત્યુ સુધારનારી ઔષધિ છે. મૃત્યુ કોને નથી? મૃત્યુનો ડર કોને નથી? સૌને છે,

એટલે સૌને આ ઔષધિની જરૂર છે.પરમાત્મા શ્રીકૃષ્ણનું નામ સ્વરૂપ એ આ ભાગવત છે.

પરમાત્માએ જગતમાં પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ છુપાવ્યું નથી, પણ નામ પ્રગટ રાખ્યું છે. માટે પરમાત્માના




નામ સાથે પ્રીતિ કરો. નામ સાથે પ્રીતિ થાય ત્યારે જ વાસના છૂટે છે. જ્યાં નામ છે ત્યાં પરમાત્માને પ્રકટ થવું જ પડે છે. ભાગવત એ પરમાત્માનું નામસ્વરૂપ છે.માટે તે દિવ્ય છે.

આચાર્ય ચાણકચ કહે છેકે ×મહેનત કરવાથી ક્યારેય ગરીબી નથી આવતી, ધર્મ કરવાથી પાપ અને મૌન રાખવાથી ક્યારેય ઝગડો વિવાદ નથી થતો.×સખત પરિશ્રમ-માત્ર મહેનત કરવી જ પુરતી નથી, પરંતુ યોગ્ય દિશામાં અથવા તે જ દિશામાં સખત મહેનત કરવી પણ ફરજિયાત બની જાય છે. યોગ્ય સમયે અને સાચી દિશામાં કરવામાં આવતી મહેનત હંમેશા જીવનમાં પ્રગતિનું મૂળ છે.

ધર્મ - સત્ય, પ્રેમ અને કરુણા એ ધર્મનું મૂળ છે.જો ધર્મને સર્વગ્રાહી દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો પરોપકાર,પરોપકાર,સર્વ જીવોની સેવા, સત્કર્મ, ઉમદા કાર્યો, સારા શાસ્ત્રો કે સત્સંગનો આશ્રય લેવો આ બધા ધર્મના સ્વરૂપો છે. જ્યારે વ્યક્તિ આ દૈવી ગુણોને પોતાના જીવનમાં ગ્રહણ કરે છે, ત્યારે તેની પાપી વૃત્તિઓ આપો આપ નાશ પામવા લાગે છે. મૌન - મૌન તોડવાથી પરિવારમાં કે સમાજમાં મતભેદ થાય છે. વિવાદના ઝેરને કાપવા માટે મૌન એક શક્તિશાળી શસ્ત્ર છે.જો ક્રોધની ક્ષણોમાં મૌનની દવાનું સેવન કરવામાં આવે તો વિવાદનો રોગ શક્ય નથી.

ક્રોધની ક્ષણોમાં મૌન જાળવવું અને ધર્મના માર્ગનો આશરો લેવો અને સંપૂર્ણ એકાગ્રતાથી પરિશ્રમ કરવો એજ સફળ જીવનનું સૂત્ર છે.

×ઈશ્વર×જેણે આખી દુનિયા બનાવી,આપણને જીવન અને સહારો આપ્યો,માયાના પ્રભાવથી તે પણ જીવને પરાયું લાગવા માંડે છે.બધું અહીં છોડવાનું છે એ જાણ્યા પછી પણ લોકો ધન અને મૂર્ખની જેમ મિલકત.વ્યક્તિ પીછો કરીને પોતાનું જીવન બગાડે છે.

જીવને માયા હંમેશા ભ્રમમાં રાખે છે. જે કોઈ વસ્તુ તમારી નથી તેને તમારું માની લેવું એ ભ્રમ કહેવાય છે, માયા અભેદ્ય છે, તે વેબ પછી વેબ વીણતી રહે છે, તેના મોહક ચિત્રોનો કોઈ અંત નથી.

સત્સંગનો આશરો લેવાથી જ જ્ઞાનની આંખો ખુલી શકે છે અને આત્માની ભીતરની આંખો પરથી ભ્રમનો પડદો હટાવી શકાય છે. માયાના અતિશય ચિંતનથી આત્મા દુ:ખી થાય છે, માયાનો નહીં માયાપતિનો આશરો લેવો. યાદ રાખો..તફાવતો.શક્ય છે પણ ભેદભાવ નથી...!!!

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે બદલાતા હવામાન વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ ત્યારે આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### મહેસાણા સાંસદ એ ખેડૂતોને સતાવતી આ સૌથી મોટી સમસ્યાના નિરાકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને રજૂઆત કરી હતી

# કેન્દ્ર અને રાજ્ય સરકારને કરેલી રજૂઆતને પગલે મહેસાણાને વધુ એક વખત ૨૨૦૦ મેટ્રિક ટન ખાતરનો જથ્થો ફાળવાયો છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

ખેત ઉત્પાદકતા વધારવા માટે ખાતર એ મહત્વપૂર્ણ જરૂરિયાત છે.અને શિયાળુ ખેતીમાં સૌથી વધુ ખાતરની જરૂરિયાત ડિસેમ્બર,જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ઉદભવે છે.મહેસાણા સાંસદ એ ખેડૂતોને સતાવતી આ સૌથી મોટી સમસ્યાના નિરાકરણ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને રજુઆત કરી હતી.મહેસાણા સાંસદે આંકડાકીય અભ્યાસને અંતે ગુજરાત અને મહેસાણા જિલ્લાના ખેડૂતોની ખાતરની કુલ જરૂરિયાતનું ડેટા એનાલિસિસ કર્યું હતું.આ એનાલિસિસ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારને કરેલી રજૂઆતને પગલે મહેસાણા જિલ્લાને વધુ એક વખત ૨૨૦૦ મેટ્રિક ટન ખાતરનો જથ્થો ફાળવાયો છે.





મહેસાણા જિલ્લાના ખેડૂતોની સતત ચિંતા કરી રહેલા સાંસદ હરિભાઈ પટેલે વધુ એક વખત ખેડૂતોના પ્રશ્નનું સુખદ નિરાકરણ કર્યું છે.ખેડૂતોને કૃષિ ઉત્પાદનમાં સૌથી મોટી સમસ્યા ખાતરની છે.જો યોગ્ય સમયે ખાતર ઉપલબ્ધ ન થાય તો ખેત ઉત્પાદકતા ઉપર અસર પડે છે.અને ખેડૂત ધાર્યું ઉત્પાદન નથી મેળવી શકતો.માટી સાથે જોડાયેલા ખેડૂત પુત્ર એવા મહેસાણા સાંસદ હરિભાઈ પટેલ ખેડૂતોની વેદના અને સમસ્યાને સારી પેઠે જાણે છે.અને એક લોક પ્રતિનિધિ તરીકે ખેડૂતોની સમસ્યા ઉકેલવા સાંસદ હરિભાઈ પટેલ સતત પ્રયત્નશીલ રહ્યા છે.આ કારણે મહેસાણા જિલ્લાના ખેડૂતોની ખાતર નહિ મળવાની સમસ્યાનો ઉકેલ આવ્યો છે.મહેસાણા સાંસદ હરિભાઈ પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ ખાતરનો જથ્થો સમયસર ફાળવવા રજુઆત કરી હતી.કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ ખેડૂતોના પ્રશ્ન ને લઈને સતત ચિંતા કરી રહી છે.ત્યારે ખાતરની જરૂરિયાતના વૈજ્ઞાનિક ઢબે થયેલા ડેટા એનાલિસિસને ધ્યાને લઈ કેન્દ્ર અને રાજ્ય સરકારે મહેસાણા જિલ્લાના ખેડૂતોને સમયસર ખાતર મળે તેવી વ્યવસ્થા કરી છે.આજે મહેસાણા જિલ્લાને ઈફકો દ્વારા ૨૨૦૦ મેટ્રિક ટન યુરિયા ખાતરનો જથ્થો ફાળવાયો છે.આ અગાઉ પણ ઈફકો દ્વારા મહેસાણા જિલ્લાને એક જ દિવસમાં ૩૦૦૦ મેટ્રિક ટન કરતા વધુ ખાતરનો જથ્થો ફાળવાયો હતો.ત્યારે આજે વધુ ૨૨૦૦ મેટ્રિક ટન ખાતર મહેસાણા જિલ્લાને ફાળવામમાં આવ્યું છે.મહેસાણા ખાતે વેગન મારફતે ખાતરનો જથ્થો પહોંચાડી દેવાયો છે.અને આજથી જ આ ખાતરનો જથ્થો ગ્રામ્ય સ્તરે મંડળીઓ સુધી પહોંચે તે માટે ઈફકો દ્વારા વિતરણ વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે.

આ અંગે મહેસાણા સાંસદ હરિભાઈ પટેલે કહ્યું કે,મહેસાણા જિલ્લાના ખેડૂતોને ખાતર માટે પરેશાન ન થવું પડે તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારને સતત રજુઆત કરવામાં આવી હતી.કેન્દ્ર અને રાજ્ય સરકારે આ રજૂઆતને હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે.અને મહેસાણા જિલ્લાના ખેડૂતોની જરૂરિયાત મુજબ ખાતરનો જથ્થો ફાળવવામાં આવ્યો છે.આજે મહેસાણા ખાતે આવેલુ ૨૨૦૦ મેટ્રિક ટન ખાતર ખેડૂતો સુધી જલ્દી પહોંચે તે માટે ઈફકોના અધિકારી સાથે ચર્ચા કરી ત્વરિત વિતરણ વ્યવસ્થા ગોઠવવાની સૂચના આપવામાં આવી છે.જેને લઈને આ ખાતર આજે જ ગ્રામ્ય વિસ્તારની મંડળીઓ સુધી પહોંચી જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

મહત્વપૂર્ણ છે કે મહેસાણા જિલ્લામાં મહદઅંશે લોકો કૃષિ ઉપર નિર્ભર છે.ત્યારે ખેડૂતને તેની મહેનતના બદલામાં યોગ્ય ઉત્પાદન મળે તે માટે સરકાર સતત ચિંતિત છે.અને આ કારણે સરકાર દ્વારા ખેડૂતના પ્રશ્ન નું નિરાકાર લાવવાનો હકારાત્મક પ્રયાસ થઈ રહ્યો છે.

### વિવિધ જિલ્લામાંથી ઉપસ્થિત કન્વીનર શ્રી અને કવિ મિત્રોનું સન્માન પત્રથી સન્માન કરવામાં આવ્યું

## સાહિત્ય સમય ઈ-મેગેઝીન અને રોટરી ક્લબ પાટણના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાનો સર્જક સન્માન સમારોહ અને કવિ સંમેલન યોજાયું

(ગરવી તાકાત) ખેરાલુ તા.૪

સાહિત્ય સમય ગુજરાતી ઈ-મેગેઝીન અને રોટરી ક્લબ પાટણના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સર્જક સન્માન અને કવિ સંમેલન રિજીયોનલ સાયન્સ સેન્ટર, પાટણ મુકામે યોજાયું. જેમા રાજયભરમાંથી ઉપસ્થિત કવિઓ, લેખકો, સર્જકો અને સાહિત્યકારોનું સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું.



પાટણ આર્ટસ કોલેજના પ્રોફેસર શ્રી વિષ્ણુભાઈ પટેલ અને ઈડર ડાયટ ના લેક્ચર ડૉ. નિષાદ ઓઝાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન થયું. કાર્યક્રમની શરૂઆતમાં ધીરેન મહેતા અને તેમની ટીમ દ્વારા સુંદર પ્રસ્તુતિથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. રોટરી ક્લબ પાટણના પ્રમુખશ્રી રો. ભગવાનભાઈ પટેલ અને એમ એન હાઈસ્કુલ ના ધનરાજભાઈ ઠક્કર ખાસ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. રિજિયોનલ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. સુમિત શાસ્ત્રીએ પણ પોતાની આગવી શૈલીમાં કવિતા રજૂ કરી ઉપસ્થિત સૌના મન મોહી લીધા હતા. કમલ પાલનપુરીને પુસ્તક પરબ જેવી સુંદર કામગીરી બદલ વિશેષ સન્માન,હૃદયસ્થ ચિરાગ પાધ્યા ભદ્રાને સાહિત્ય ગૌરવ પુરસ્કાર, શૈલેષ પંચાલને વઢીયાર ભૂમિ પર સંશોધન બદલ વિશેષ સન્માન, વાગડોદ શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી ગોવિંદભાઈ દેસાઈ અને માધ્યમિક શાળા માંથી એક્સપેરિમેન્ટલ સ્કૂલના ઈન્ચાર્જ આચાર્યશ્રી ઝેડ.એન સોઢાનું શિક્ષણ ક્ષેત્રે કરેલ સુંદર કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે રાજ્યભરમાંથી ઉપસ્થિત કવિઓએ કવિ સંમેલનમાં પોતાની રચનાઓ અને ગઝલો રજૂ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સાહિત્ય સમય ઈ -મેગેઝીનના તંત્રીશ્રી નિલેશ શ્રીમાળી અને રાજ્ય કન્વીનર શ્રી કલ્પેશ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિપક સિંહ સોલંકી દીપ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પાયાવિહોણી ફરિયાદ પર પત્રકાર સામે ખોટો કેસ દાખલ, રાજ્યોના DGP જવાબદાર રહેશે-SC

(ગરવી તાકાત) મહેસાણા તા.પ્

સુપ્રીમ કોર્ટ માં પત્રકારો વિરુદ્ધ ફરિયાદ થતી હોવાથી તેની તપાસમાં બહાર આવ્યુંછે કે મોટા ભાગની ફરિયાદો ફક્ત સરકાર અને અધિકારીઓ ના ભ્રસ્ટાચાર ખુલ્લા પાડતા પત્રકારો ને દબાવવા માટે ફરિયાદ થતી હોવાથી સુપ્રીમ કોર્ટ એ નોંધ્યું છે કે આવી ફરિયાદો માટે કોણ જવાબદાર છે તે સર્વે કર્યું છે એટલે તો કોર્ટ લાલગુમ છે પાયાવિહોણી ફરિયાદ પર પત્રકાર સામે ખોટો કેસ દાખલ, રાજ્યોના **DGP** જવાબદાર રહેશે-**SC**

ફેડરેશન ફોર કોમ્યુનિટી ઓફ ડિજિટલ ન્યૂઝ સાથે દેશભરના પત્રકારોએ સુપ્રીમ કોર્ટના આ આદેશનું સ્વાગત કર્યું છે.

દિલ્હી દેશની સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે મોટા ભાગના કેસોમાં પત્રકારો સામેના કેસો ખોટી ફરિયાદો પર આધારિત હોય છે, જો કોઈ પત્રકાર વિરુદ્ધ



ખોટી ફરિયાદના આધારે ખોટો કેસ દાખલ કરવામાં આવશે તો તેના માટે રાજ્યોના ઙૈઁ જવાબદાર રહેશે. , જેના માટે સુપ્રીમ કોર્ટે તમામ સ્પષ્ટ નિર્દેશો રાજ્યોના પોલીસ મહાનિર્દેશકને આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે ફેડરેશન ફોર કોમ્યુનિટી ઓફ ડિજિટલ ન્યૂઝ, ડિજિટલ મીડિયાના સ્વ-નિયમનકારી બોર્ડે સમગ્ર દેશમાં કોરોના સમયગાળા દરમિયાન નોંધાયેલા કેસોની ગંભીર નોંધ લીધી છે.

આ સંદર્ભમાં,ડિજિટલ મીડિયાના સ્વ-નિયમનકારી બોર્ડ, ફેડરેશન ફોર કમ્યુનિટી ઓફ ડિજિટલ ન્યૂઝએ પણ ગૃહ પ્રધાન અમિત શાહને પત્ર લખીને તેને સમાજના ચોથા સ્તંભની નિષ્પક્ષતા પર હુમલો ગણાવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં આ મામલે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ એપી સિંહે પત્રકારોની તરફેણમાં કોર્ટને આ અંગે સંજ્ઞાન લેવાની વિનંતી કરી હતી, જેના પર સુપ્રીમ કોર્ટે પોલીસ મહાનિર્દેશકને આ સ્પષ્ટ સૂચના આપી હતી. સુનાવણી દરમિયાન તમામ રાજ્યોમાં. જેમાં સમાચાર સંકલન અંગે ખોટા કેસ દાખલ કરવા બદલ પત્રકારો સામે કોર્ટની અવમાનનાનો કેસ નોંધવામાં આવશે.. પત્રકાર એટલે ચોથી જાગીર.....હવેતો કોર્ટ પણ સમજી ગઈ છે કે સરકાર અને અધિકારીઓ ના કૌભાંડ બહાર પાડે એટલે પત્રકાર ને કોઈ ખોટી ફરિયાદ કરીને હેરાન કરવા આવતો અસંખ્ય દાખલા પત્રકાર જગત માં થયેલ છે એટલે તો કોર્ટ ને ખ્યાલ આવી ગયો છે કે પત્રકાર ને ખોટીરીતે હેરાન કરવામાં આવે છે

### મહેસાણા ખાતે પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શૈક્ષણિક તાલીમ શિબિર યોજાઈ

## પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ અધ્યયન નિષ્પત્તિ આધારિત કૌશલ્યો પ્રાપ્ત કરે તે માટે મહેસાણા જિલ્લાના શિક્ષણ તંત્ર દ્વારા શૈક્ષણિક તાલીમ શિબિર

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર વિદ્યાર્થીઓ પોતાના સ્તર મુજબની ક્ષમતાઓ અને ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓમાં પારંગત બને તે બાબત ધ્યાને લઈ મહેસાણા જિલ્લામાં ધોરણ ૩થીપ ના વિદ્યાર્થીના શિક્ષણ માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રકલ્પનું જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સઘન અમલીકરણ થાય તે હેતુને ધ્યાને લઈ તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર.સી.કો.ઓ. અને સી.આર.સી.કો.ઓ. માટે તાજેતરમાં કાવેરી ઈન્ટરનેશનલ સ્કૂલ,મહેસાણા ખાતે એક દિવસીય **'Orientation Cum Capacity Building Workshop'** યોજવામાં આવ્યો. આ શૈક્ષણિક શિબિર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.શરદ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ-પમાં ભણતા ૨૩૭૬૯ વિદ્યાર્થીઓને બૌદ્ધિક ક્ષમતા તેમજ ગણિત ,ગુજરાતી, પર્યાવરણ, હિન્દી, અંગ્રેજી સહિતના વિષયમાં પારંગત કરવાના આયોજન સંદર્ભે રાજ્ય કક્ષાના નિષ્ણાત તજજ્ઞો દ્વારા તાલીમ



આપવામાં આવી. કેન્દ્ર સરકાર દ્વારા યોજાતી જવાહર નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા તેમજ રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવતી જ્ઞાન સેતુ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા, દ્ગછજી, ટ્ઠછજી અને પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાના પરિણામોમાં જિલ્લાના વિદ્યાર્થીઓને વિશેષ લાભ થાય અને તેમના ઁછ્, જીછ્ ના પરિણામોમાં ગુણાત્મક સુધાર આવે તે માટે વિશેષ ચિંતન કરવામાં આવ્યું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિશેષ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખીને તેમને આગામી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિશેષ તૈયારી કરાવવાનો હતો. જેથી ધોરણ-૫ ના વિદ્યાર્થીઓ માટે ઓ.એમ.આર.શીટ સાથે વિવિધ અનુભવ કસોટી લેવાનું આયોજન નક્કી કરવામાં આવ્યું. આગામી દિવસોમાં મોનીટરીંગ સ્ટાફ દ્વારા ધોરણ-૫ ના વર્ગોની શૈક્ષણિક મુલાકાત વધુ પ્રમાણમાં લેવામાં આવનાર છે. તે માટેના મોનીટરીંગ ફોર્મેટની પણ સમજ આપવામાં આવી. સમગ્ર શિક્ષા,ગુજરાતના ક્વોલીટી એન્હાન્સમેન્ટ સેલમાંથી સૂચિતભાઈ પ્રજાપતિ, જી. સી. ઈ. આર. ટી., ગાંધીનગરથી ડૉ. હરેશભાઈ ચૌધરી, ડૉ. ભાર્ગવભાઈ ઠક્કર, પંકજભાઈ મિસ્ત્રી અને મહેસાણા ડાયટ પ્રાચાર્યશ્રી વિનોદભાઈ અઢીયોલ વગેરે ઉપસ્થિત રહી જિલ્લાના સમગ્ર મોનીટરીંગ સ્ટાફને **NEP-2020**ના પરિપ્રેક્ષમાં ધોરણ ૩થીપમાં ઈનોવેટીવ પેડાગોજીના ઉપયોગથી વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં અધ્યયન નિષ્પત્તિ આધારિત શીખતા કરી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવા બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ડીપીઈઓ ડૉ.શરદ ત્રિવેદીએ અમલીકરણની વ્યૂહરચના બાબતે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લાના વિષય નિષ્ણાત શૈક્ષણિક ટાસ્ક ફોર્સના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના દ્વારા ધોરણ ૩થીપની અધ્યયન નિષ્પત્તિ આધારિત નિર્માણ કરવામાં આવેલ શૈક્ષણિક સાહિત્યના ઉપયોગની સમજ આપવામાં આવી હતી. મહેસાણા યુવા ગ્રીનના ફાઉન્ડર કનુભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આ તાલીમ શિબિરની સમગ્ર વ્યવસ્થા કરવામાં આવી હતી.

### CM પોર્ટલ પર રજૂઆત બાદ પાલિકા એક્શનમાં

## પાલનપુરના મટન માર્કેટમાં દબાણ હટાવવાની કામગીરી શરૂ, પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી

(ગરવી તાકાત) પાલનપુર તા.૪

પાલનપુર શહેરના સ્ટેશન રોડ સ્થિત મટન માર્કેટમાં લાંબા સમયથી ચાલી રહેલા દબાણોના મુદ્દે સ્થાનિક રહીશોએ મુખ્યમંત્રી પોર્ટલ પર રજૂઆત કરી હતી.

આ રજૂઆતને ગંભીરતાથી લેતા પાલનપુર નગરપાલિકા તંત્ર હરકતમાં આવ્યું છે.

પાલિકા દ્વારા કેટલાક દિવસો અગાઉ દબાણ ધારકોને નોટિસ આપવામાં આવી હતી અને દબાણો દૂર કરવાની તાકીદ કરવામાં આવી હતી. જો કે, દબાણ ધારકો દ્વારા નોટિસનો કોઈ પ્રતિસાદ ન મળતા આજે પાલિકાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર પહોંચી દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરી હતી.સ્થળ પર મોટી સંખ્યામાં સ્થાનિક લોકોની ભીડ એકત્રિત થઈ હતી, જેમની વચ્ચે પાલિકાની ટીમે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. આ કાર્યવાહીથી મટન માર્કેટ વિસ્તારમાં વર્ષોથી જામેલા અનધિકૃત દબાણોનો અંત આવશે અને સ્થાનિક રહીશોને રાહત મળશે. પાલિકા તંત્રના આ પગલાંથી વિસ્તારમાં ટ્રાફિક અને સ્વચ્છતાની સમસ્યાઓનું નિરાકરણ આવશે તેવી આશા સેવાઈ રહી છે.





## સંક્ષિપ્ત સમાચાર

### ગુમ થનારની માહીતી મળે તો મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને જાણ કરવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૪

જાણવા જોગ કામે ખબર આપનાર દીલીપભાઈ અંબાલાલ મોહનદાસ જાતે-વાઘરી ઉમર વર્ષ . ૫૦ ધંધો-વેપાર રહેઠાણ. મહેસાણા કસ્બા બહુચરમાતાના મંદીર સામે વાઘરી વાસ તા.જી. મહેસાણાવાળાનો ભત્રિજો નામે હિતેશ સન/ઓફ કસ્તુરભાઈ ઉ.વ.૨૬ તા.૨૭/૦૧/૨૦૫ ના સાજના આશરે ૭ વાગે મહેસાણા ડી માર્ટ સર્કલથી મુંબઈ જવા સારૂ નીકળેલ જેની આજદીન સુધી કોઈ ભાળ મળેલ ના હોઈ જે ધોરણ-૦૩ સુધી નો અભ્યાસ કરેલ છે જે ગુજરાતી ,હીન્દી ભાષા જાણે છે. જે રંગે શ્યામ વર્ણનો જેની ઉંચાઈ આશરે-પાંચ ફૂટ ની જેણે બદનમાં મરૂન કલરનું સ્વેટર તથા કમરે વાદળી કલરનું જીન્સ પહેરેલ હતું. તો આ ગુમ થનારની માહીતી મળે તો મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને જાણ કરવી એમ પોલીસ ઈન્સપેક્ટર શ્રી મહેસાણો તો પોલીસ સ્ટેશન (ડી.એન. મામેડા)ની અખબારી નોંધમાં જણાવેલ છે.



### વાલમ ક્લસ્ટરમાં CET Work Shop યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

વિસનગર તાલુકા ના વાલમ ક્લસ્ટર ની તમામ શાળાઓ ના ધો. ૩ થી ૫ ના શિક્ષકો માટે **CET** અંતર્ગત **WORK SHOP** નું આયોજન વાલમ સી. આર. સી. કો. ઓ. શ્રી દિપકભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા માંથી મળેલ સૂચના મુજબ વિવિધ વિષયો અંગે ની ચર્ચા કરવમાં આવી. તથા શાળા કક્ષાએ સારા માં સારુ કામ કઈ રીતે કરી શકાય એ અંતર્ગત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### બે સોસાયટી વચ્ચેની રોડ સાઈડ કચરાનો ડમ્પિંગ પોઇન્ટ બની



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

શહેરના એરોડ્રોમ રોડ પર આવેલી ગોકુલ હોમ્સ અને ગ્રિન વીલા સોસાયટીના વચ્ચે રોડસાઈડ કચરાથી ભરેલી છે. આ રોડ રોજીંદી કચરાની ગંદકીથી ખદબદતી રહેતી હોય છે. કોર્પોરેશનની નજરમાં જ ન હોય એમ આ રોડની આખીયે સાઈડ કચરા ની ડમ્પીંગ સાઈડ બનેલી છે. સત્વરે અહીંયાંથી કચરાનો નિકાલ થાય અને કાયમી સફાઈ જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરવા માંગ ઉઠી છે.

### સુણક પ્રાથમિક શાળાના બાળકોનો દિલ્હી પ્રવાસ:વિદ્યાર્થીઓએ વડાપ્રધાન સાથે કર્યો સંવાદ, રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી



(ગરવી તાકાત) મહેસાણા તા.૪

ઊંઝા તાલુકાના સુણક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે એક અવિસ્મરણીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ધ્રુવલબેનના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ ત્રણ દિવસીય પ્રવાસમાં વિદ્યાર્થીઓએ મેટ્રો, ટ્રેન અને વિમાન દ્વારા મુસાફરી કરવાનો અનોખો અનુભવ મેળવ્યો હતો.

પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ રાજધાની દિલ્હીના મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લીધી હતી. જેમાં સાંસદ ભવન અને રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત ઉપરાંત વડાપ્રધાન સાથે સીધો સંવાદ કરવાનો અમૂલ્ય અવસર પણ પ્રાપ્ત થયો હતો. આ શૈક્ષણિક પ્રવાસને સફળ બનાવવા માટે મહેસાણાના સાંસદ હરિભાઈ પટેલનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો, જે બદલ શાળા પરિવારે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓને દેશની રાજધાનીનું મહત્વ સમજવાની સાથે વિવિધ પરિવહન માધ્યમોનો અનુભવ મેળવવાની તક મળી હતી, જે તેમના શૈક્ષણિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

Volume : 10 Issue : 304 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002